આજની પ્રાર્થના....
અહો દેવના દેવ હો વિશ્વ સ્વામિ, કરૂ સ્તુતિ હું આપની શીશ નામી, દયાળુ પ્રભુ આપદાથી ઉગારો, દીનાનાથ તું એક આધાર અમારો

પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૨૧ | ૧૧ જુલાઈ, ૨૦૨૧, રવિવાર; અષાઢ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દિલ્હીમાં ૨૫૦૦ કરોડનું ડ્રગ્સ પકડાયું

## દિલ્હી પોલીસને મોટી સફળતા મળી, ૩૫૦ કિલો ડ્રગ્સ જપ્ત કરાયું : ૪ આરોપીની ધરપકડ : ત્રણ આરોપીઓની હરિયાણાથી તો એકની દિલ્હીથી ધરપકડ, આ સિન્ડિકેટના તાર પાકિસ્તાન સાથે જોડાયેલા હોવાનો અંદેશો

ન્યુ દિલ્હી,તા.૧૦

દિલ્હી પોલીસના હાથ મોટી સફળતા લાગી છે. દિલ્હી પોલીસે રૂ. ૨૫૦૦ કરોડનું ૩૫૦ કિલો હેરોઈન જપ્ત કર્યું છે. પોલીસ આ આ સાથે ચાર આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે ધરપકડ કરેલા આરોપીઓમાંથી ત્રણ હરિયાણાથી ધરપકડ કરવામાં આવ્યા છે અને એક આરોપીની દિલ્હીથી ધરપકડ કરવામાં આવી છે. આ આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. દેશમાં અત્યાર સુધીની સૌથી મોટી ડ્રગ સિન્ડિકેટ દિલ્હીમાંથી પકડાઈ છે.





દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા અત્યાર સુધીનું સૌથી મોટું ડ્રગ્સ પકડી પાડ્યું છે.

દિલ્હી સ્પેશિયલ સેલ દ્વારા લગભગ ૩૫૦ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે અને તેની કિંમત રૂ. ૨૫૦૦ થવા જાય છે.પોલીસને મળેલી બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો અને તેમાં ચાર વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.આ આરોપીઓની પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે.આ પૈકી ત્રણ આરોપીઓને

● અનુસંધાન પાન-૭ પર

# કેરળમાં ૧૩ ઝીકા વાયરસથી સંક્રમિત

## સંક્રમિતોમાં ડોક્ટરો સહિત ૧૩ આરોગ્ય કર્મચારીનો સમાવેશ

તિરુવનંતપુરમ્,તા.૧૦

કેરળમાં કોરોનાની સાથે ઝીકા વાયરસનો ખતરો ચિંતા વધારવા માંડ્યો છે. શુક્રવારે રાજ્યમાં ૧૩ નવા કેસ નોંધાયા છે. સગર્ભા સ્ત્રીમાં આ વાયરસ મળી આવ્યાના એક દિવસ પહેલાં જ પુષ્ટિ થઈ હતી. ઝીકા વાયરસથી ચેપ લાગવાનાં લક્ષણો ડેન્ગ્યૂ જેવા જ છે, જેમ કે તાવ આવવો, શરીર પર ફોલ્લીઓ થવી અને સાંધાનો દુખાવો થવો.

રાજ્યના આરોગ્યમંત્રી વીણા જ્યોર્જે કહ્યું હતું કે ગુરુવારે જ ૧૯ શંકાસ્પદ લોકોનાં સેમ્પલ પુણેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીમાં મોકલવામાં આવ્યાં છે, જ્યારે રિપોર્ટ શુક્રવારના રોજ આવ્યો તો ૧૩ લોકોમાં ઝીકા વાયરસની પુષ્ટિ થઈ છે. સંક્રમિતોમાં ડોકટરો સહિત ૧૩ આરોગ્યકર્મચારીનો સમાવેશ થાય છે.

જ્યોર્જે જણાવ્યું હતું હતું કે ગુરુવારે ૨૪ વર્ષીય સગર્ભા સ્ત્રીમાં આ વાયરસના સંક્રમણનો

● અનુસંધાન પાન-૭ પર

# વિશ્વમાં કોરોના હજી ધીમો નથી પડ્યો : WHO

**ડેલ્ટા વેરિયન્ટને લીધે અનેક દેશોમાં કોરોના વકર્યો : ૨૪ કલાકમાં ૫,૦૦,૦૦૦ જેટલા કેસ નોંધાયા છે અને ૯૩૦૦ના મોત થયા જે દેખાડે છે કે કોરોના ધીમો પડ્યો નથી**

જિનિવા,તા.૧૦

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ વૈજ્ઞાનિક સૌમ્યા સ્વામિનાથને ફરી એકવાર કોરોના વાયરસ સંબંધિત ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે વિશ્વના મોટા ભાગના ભાગોમાં કોરોના ચેપ વધી રહ્યો છે. આ તે વાતનો પુરાવો છે કે રોગચાળો હજી સમાપ્ત થયો નથી. તેમણે કોવિડ-૧૯ના વધતા જતા કેસોનું કારણ ડેલ્ટા વેરિઅન્ટને ગણાવ્યો છે. ડેલ્ટા વેરિઅન્ટ ખૂબ ચેપી છે. ભારતમાં પણ કોરોનાની બીજી લહેર માટે આ સ્ટ્રેનને જવાબદાર માનવામાં આવે છે.

એક ઈન્ટરવ્યુમાં સ્વામિનાથે કહ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં લગભગ ૫૦ હજાર નવા કેસ મળી આવ્યા છે અને લગભગ ૯૩૦૦ લોકોનાં મોત થયાં છે. રોગચાળાની ગતિ હજી બંધ થઈ નથી. તેમણે કહ્યું કે ઘણા દેશોમાં રસીકરણની ગતિને લીધે, ગંભીર કેસ અને હોસ્પિટલમાં દાખલ થવાની સંખ્યામાં ઘટાડો થયો છે. તો બીજી તરફ વિશ્વના એક ભાગમાં ઓક્સિજનની તંગીનો સામનો કરવો પડી રહ્યો છે, હોસ્પિટલોમાં પથારીની અછત છે અને મૃત્યુદરમાં વધારો થઈ રહ્યો છે.

તેમણે માહિતી આપી હતી કે ડબ્લ્યુએચઓનાં ૬ માંથી ૫ વિસ્તારોમાં કોરોનાનાં કેસો વધી રહ્યા છે. વળી, આફ્રિકામાં મૃત્યુ દર બે અઠવાડિયામાં ૩૦ ટકાથી વધીને ૪૦ ટકા થઈ ગયો છે. ઝડપથી ફેલાતા ડેલ્ટા વેરિઅન્ટ, વિશ્વભરમાં રસીકરણની ધીમી ગતિ અને સલામતીનાં પગલાંની શિથિલતા એ કેસોમાં વધારાનાં સૌથી મોટા કારણો છે.

# રાષ્ટ્રીય સ્તરની નીતિ ઘડવા મમતાની પ્રશાંત કિશોર સાથે બેઠક

કોલકાતા, તા.૧૦

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ હવે ટીએમસીના પ્રમુખ અને બંગાળના સીએમ મમતા બેનરજી રાષ્ટ્રીય સ્તરે એન્ટ્રી મારવાની તૈયારી કરી રહ્યા છે.

રાષ્ટ્રીય સ્તરની રણનીતિ નક્કી કરવા માટે મમતા બેનરજીએ પ્રશાંત કિશોર સાથે શુક્રવારે ત્રણ કલાક બેઠક યોજી હોવાની વિગતો સપાટી પર આવી છે.આ બેઠકમાં ટીએમસીના સંગઠનમાં ફેરફારો કરવા અંગે ચર્ચા થઈ હતી.ખાસ કરીને એક વ્યક્તિ અને એક પદનો નિયમ પાર્ટીમાં લાગુ કરવામાં આવશે.

# ઉત્તર પ્રદેશમાં બેથી વધુ બાળકો હોય તેને સરકારી લાભ નહીં મળે

**યુપીમાં પોપ્યુલેશન કંટ્રોલ એક્ટ લાગુ કરવાની તૈયારી : આ કાયદાનો ભંગ કરનાર વ્યક્તિને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઊભા રહેવાનો અધિકાર નહીં મળે અને સરકારી નોકરી માટે અરજી નહીં કરી શકે**

લખનૌ, તા.૧૦

ઉત્તરપ્રદેશ સરકારે પોપ્યુલેશન કંટ્રોલ એક્ટને લાગુ કરવા માટેની તૈયારીઓ કરી દીધી છે અને તેના માટેનો ડ્રાફ્ટ પણ તૈયાર છે. બેથી વધુ બાળકો ધરાવતા લોકો સરકારી યોજનાઓના લાભ નહીં લઈ શકે અને રાશન કાર્ડમાં સભ્ય સંખ્યા ચાર સુધી સીમિત કરવામાં આવશે. આટલું જ નહીં પ્રસ્તાવ પ્રમાણે, આ કાયદાનો ભંગ કરનાર વ્યક્તિને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઊભા રહેવાનો અધિકાર નહીં મળે અને સરકારી નોકરીઓ માટે પણ અરજી નહીં કરી શકે.

બીજી તરફ, બે બાળકોના કાયદાનું પાલન કરનારા લોકોને તેમની આખી નોકરી દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

# ભારતીય મૂળની દિકરી સિરીશા બાંદલા અંતરિક્ષની સફરે જશે

## ૧૧ જુલાઈના રોજ પાંચ અન્ય યાત્રી સાથે અંતરિક્ષ પ્રવાસે જશે

નવી દિલ્હી, તા.૧૦

ભારતની અન્ય એક દીકરી અંતરિક્ષમાં ઉડવા માટે તૈયાર છે. કલ્પના ચાવલા પછી આંધ્ર પ્રદેશમાં જન્મેલી સિરીશા બાંદલા અંતરિક્ષમાં ઉડાન ભરવાની છે. તે વર્જિન ગેલેક્ટિકના વીએસએસ યુનિટીના પાંચ અન્ય યાત્રીઓ સાથે રવાના થશે. હ્યુસ્ટનમાં મોટી થયેલી સિરીશા બાંદલાને ખબર હતી કે તે એક દિવસ અંતરિક્ષમાં ચોક્કસપણે જશે. રવિવાર, ૧૧ જુલાઈના રોજ સિરીશાનું આ સપનું સાચું થશે.

સિરીશા વર્જિન ગેલેક્ટિકના અંતરિક્ષ વિમાન વીએસએસ યુનિટી પર વર્જિનના સંસ્થાપક રિચર્ડ બ્રેનસન અને ચાર અન્ય લોકો સાથે ઉડાન ભરશે. આ ઉડાન ધ્વનીની ગતિથી લગભગ સાડા ત્રણ ગણી વધારે હશે. સિરીશાએ જણાવ્યું કે, મને લાગે છે કે હું મારી સાથે ભારતને પણ ઉપર લઈ જઈ રહી છું. જો યોજના અનુસાર આ મિશન પાર પડશે તો સિરીક્ષા અંતરિક્ષ યાત્રી કલ્પના ચાવલા

● અનુસંધાન પાન-૭ પર

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

પરિવર્તનને અપનાવો. નેતૃત્વ કરતાં શીખો.
એડમિશન માટે આજે જ સંપર્ક કરો :
SIHM
સ્ટેટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ
સિધ્ધપુર, ગુજરાત
(AICTE Approved & GTU Affiliated)
એવી શ્રેષ્ઠતા પ્રાપ્ત કરો કે ટોચની હોટલ ચેઈન્સ આપને પસંદ કરે
બેચલર ઓફ હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ ટેકનોલોજી
પાત્રતાઃ ૧૨ પાસ (કોઈપણ પ્રવાહ) | કોર્સ અવધિઃ ૪ વર્ષ



ભારતભરની ટોચની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સમાં ૧૦૦% પ્લેસમેન્ટ સહાય
સુવિધાઓ
અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર | નિષ્ણાત ફેકલ્ટી | યોગ્ય અધ્યાપન | રિસર્ચ લેબ | સ્પર્ધાઓ | કારકીર્દિ માર્ગદર્શન
સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | પ્લેસમેન્ટ સેલ | હોસ્ટેલ સુવિધાઓ | SIHM ક્લબ | મેન્ટરશિપ | ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ



Gujarat Tourism
એડમિશન માટે સંપર્ક કરોઃ 9825784099 9825768099
સ્ટેટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ
ડેન્ટલ કોલેજની નજીક, દેથલી રોડ, ગામઃ ખોલવાડા, તાઃ સિધ્ધપુર, જીલ્લોઃ પાટણ, ગુજરાત. ફોનઃ ૦૨૭૬૭-૨૨૧૫૨૫, ૨૨૪૫૨૫
ઈમેઈલઃ info@sihm.ac.in | વેબસાઈટઃ www.sihm.ac.in | www.gujarattourisom.com
એડમિશન માટે આજે સંપર્ક કરો :



કૉમર્સના અભ્યાસ માટે
હવે ગાંધીનગરમાં
સર્વોત્તમ શિક્ષણ ઉપલબ્ધ
ધોરણ : 11-12 કૉમર્સ
ગુજરાતી-અંગ્રેજી મીડિયમ
મર્યાદિત સંખ્યામાં એડમિશન ઉપલબ્ધ
MAHARSHI GURUKUL HIGH SCHOOL
જૈન દેરાસર પાસે, બોરીજ, ગાંધીનગર
25 વર્ષોના અનુભવી ફેકલ્ટી દ્વારા સંચાલિત
સ્કૂલના નિયમિત વર્ગો તા. 15 જુલાઈ, 2021 થી શરૂ.
પ્રવેશ માટે શાળામાં આજે જ સંપર્ક કરો:
સમય : સવારે 9.00 થી 12.00
ફોન નં. 98565 97565, 99243 88038

